# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807

## કાર્યનોંધ

તારીખ : ૦૮/૦૫/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે કુલપતિશ્રીના કાર્યાલયમાં કુલપતિશ્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય પ્રવેશ સમિતિની પ્રથમ સભા મળી હતી.

સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧. | માનનીય કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર | હાજર |
| ૨. | પ્રો. પી. કે. રાઠોડ, (કન્વીનર), અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ | હાજર |
| ૩. | ડૉ. મોહનભાઇ સી. પટેલ, આચાર્યશ્રી, એન.એસ. પટેલ આર્ટસ કોલેજ | હાજર |
| ૪. | ડૉ. ડી. બી. ચોકસી, એમ.સી.એ. વિભાગ, સ. પ. યુનિવર્સિટી, વ.વિ.નગર | હાજર |
| ૫. | ડૉ. સંદિપ ભટ્ટ, વડાશ્રી, અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગ, | ગેર હાજર(જાણ કરી) |
| ૬. | ડૉ. અશોક શાનુભોગ, વડાશ્રી, અનુસ્નાતક સ્ટેટેસ્ટીકસ વિભાગ | ગેર હાજર |
| ૭. | ડૉ. એચ. પી. ત્રિવેદી, વડાશ્રી, અનુસ્નાતક ઇકોનોમિકસ વિભાગ | હાજર |
| ૮. | ડૉ. એન.વી. શાસ્ત્રી, વડાશ્રી, અનુસ્નાતક કેમેસ્ટ્રી વિભાગ, સ.પ. યુનિવર્સિટી- | ગેર હાજર(જાણ કરી) |
| ૯. | ડૉ. હમીર મકવાણા, આચાર્યશ્રી, જે.એમ. પટેલ ઇન્સ્ટી. ઓફ પી.જી. સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન હ્યુમીનીટીઝ, આણંદ | હાજર |
| ૧૦. | ડૉ. જે. ડી. પટેલ, કા.આચાર્યશ્રી, એ.એન. પટેલ પી.જી. ઇન્સ્ટીટયૂટ, આણંદ | હાજર |
| ૧૧. | ડૉ. અનુ મહેતા, કા.આચાર્યશ્રી, આણંદ ઇન્સ્ટીટયૂટ ઓફ પી.જી. સ્ટડીઝ, આણંદ | હાજર |
| ૧૨. | ડૉ. વિજયસિંહ વનાર, આચાર્યશ્રી, આઇ. વી. પટેલ કોર્મસ કોલેજ, નડિયાદ | હાજર |
| ૧૩. | ડૉ. ભાવેશભાઇ પટેલ, આચાર્યશ્રી, વી.પી. સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર | ગેર હાજર(જાણ કરી) |
| ૧૪. | ડૉ. રામસિંહ રાજપૂત, કુલસચિવશ્રી, સ.પ. યુનિવર્સિટી, વ.વિ.નગર | હાજર |
| ૧૫. | ડૉ. જયોતિબેન તિવારી, ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સ.પ. યુનિવર્સિટી, વ.વિ.નગર | હાજર |
| ૧૬. | શ્રી એન. કે. ભટ્ટ, મુ.હી.અધિકારી, હિસાબ વિભાગ, સ.પ. યુનિવર્સિટી, વ.વિ.નગર | ગેર હાજર |
| ૧૭. | ડૉ. જાગૃતિબેન સુવેરા, ના. કુલસચિવ, એસ.સી./એસ.ટી. વિભાગ, સ.પ.યુનિ. | હાજર |
| ૧૮. | શ્રી નિલેશભાઇ પટેલ, ના. કુલસસચિવ, પરીક્ષા વિભાગ, સ.પ. યુનિવર્સિટી | હાજર |
| ૧૯. | ડૉ. એમ.વી. ભટ્ટ, મ. કુલસચિવ, એકેડેમિક વિભાગ, સ.પ. યુનિવર્સિટી | હાજર |

સભાની શરૂઆતમાં સભાના કન્વીનરશ્રીએ સર્વે સભ્યોશ્રીઓને આવકાર્યા હતા તથા સભાની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૧. માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટી વિભાગો તથા સંલગ્ન કોલેજો/ઇન્સ્ટીટયૂટમાં ચાલતા અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરીને કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવા ચર્ચા વિચારણા કરવા વડાશ્રીઓ તથા આચાર્યશ્રીઓ સાથે તારીખ : ૦૫/૦૫/૨૦૧૭ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે તથા તારીખ : ૦૬/૦૫/૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે થયેલ સભાઓમાં થયેલ કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિની ભલામણોને મંજુર કરવા બાબત..

‘‘સભામાં ચર્ચા વિચારણાને અંતે ઉપરોકત મળેલ બંન્ને સમિતિની ભલામણોને જરૂરી સુધારા સહિત બિડાણ-૧માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવામાં આવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કોલેજો ગુજરાત યુનિવર્સિટીમાંથી સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે જોડાયેલ છે તે કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમોની ફી યુનિવર્સિટીના વિભાગોની ફીની સમકક્ષ અથવા તેના કરતા ઓછી હશે તથા ગ્રાન્ટ ઇન એડ્ કોલેજના શિક્ષકો ભણાવતા હશે તો તેમને યુનિવર્સિટીની માહિતી પુસ્તીકામાં ગ્રાન્ટ ઇન એડ્ તરીકે દર્શાવવામાં આવશે. તથા સદર કોલેજોમાંથી સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હશે અને તેમને અનુસ્નાતક અભ્યાસક્રમ સદર કોલેજોમાં કરવો હશે તેવા વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની કેટેગરીના વિદ્યાર્થીઓ ગણવામાં આવશે.’’

૨. કેન્દ્રીય પ્રવેશનું સમય પત્રક નકકી કરવા ચર્ચા કરવા બાબત..

| Sr. No. | Particulars | Proposed Dates |
|---|---|---|
| (1) | Advertisement to various news papers | **18/05/2017** |
| (2) | Online Application form will be available on University Website : **http://www.spuvvn.edu/students corner/admissions** | **22/05/2017 to 15/06/2017** |
| (3) | Last Date for receipt of Hard copy of Application Form **at Room Beside corporation Bank, Sardar Patel Uniersity, Vallabh Vidyanagar** | **15/06/2017** |
| (4) | The list of eligible candidates to be admitted to the PG and Diploma programmes will be declared on university website : **http://www.spuvvn.edu/students_ corner/admissions** with instructions. | **28/06/2017** |
| (5) | Date of Processing Admission as per SMS received by students. | **03/07/2017 to 08/07/2017** |

‘‘ચર્ચા-વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્રીય પ્રવેશનું સૂચિત સમય પત્રક મંજૂર કરવું. તથા જરૂર જણાય તો બીજો રાઉન્ડ અને ત્રીજો રાઉન્ડ કરવો.’’

૩. કેન્દ્રીય પ્રવેશ (અનુસ્નાતક અભ્યાસક્રમો)-૨૦૧૭-૧૮ માટે યુનિવર્સિટી દ્વારા વિવિધ અખબારોમાં જાહેરાત આપવાનો મુસદ્દો તથા વર્તમાન પત્રો નકકી કરવા બાબત.

‘‘ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે જાહેરાતનો મુસદ્દો નકકી કરવાની કામગીરી માટે બે સભ્યોની સમિતિ બનાવી જેમાં સભાએ ડૉ. મોહનભાઇ પટેલ તથા ડૉ. એચ.પી.ત્રિવેદીની નિમણુંક કરવામાં આવી.

પ્રવેશ પ્રક્રિયા અંગે બહોળી પ્રસિદ્ધી થાય તે માટે સંદેશ (મુખ્ય આવૃત્તિ), ગુજરાત સમાચાર(મુખ્ય આવૃત્તિ), દિવ્ય ભાસ્કર (મુખ્ય આવૃત્તિ), કચ્છ મિત્ર, ફુલછાબ, દિવ્ય સમાચાર, ગુજરાત મિત્રસરદાર ગુર્જરી, નયા પડકાર તથા ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં જાહેરાત આપવી’’

૪. કેન્દ્રીય પ્રવેશ ૨૦૧૭-૧૮ માટે યુનિવર્સિટી પ્રોસેસીંગ ઓફ અપેલીકિશન ફોર એડમીશન ફી નકકી કરવા બાબત.

‘‘ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓ પાસેથી પ્રોસેસીંગ ઓફ અપેલીકિશન ફોર એડમીશન ફી પેટે રૂા. ૧૫૦/- ઓનલાઇન ભરવાના રહેશે. માહિતી

પુસ્તીકા ઓનલાઇન મુકવાની રહેશે, તથા માહિતી પુસ્તીકાની ૧૦૦ નંગ નકલ તૈયાર કરાવવી. તથા સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીઓ તથા ગુજરાત રાજય બહારની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ પાસેથી એલીજીબીલીટીના પ્રવર્તમાન નિયમો મુજબ રૂા. ૫૦/- રજીસ્ટ્રેશન સમયે અલગથી લેવાના રહેશે.

૫. મેનેજમેન્ટ કવૉટા નકકી કરવા બાબત..

''ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી દરેક કોલેજ/ઈન્સ્ટીટયૂટની મંજૂર થયેલ પ્રવેશ સંખ્યાના ૨૦% લેખે મેનેજમેન્ટ કવૉટાની સીટો ફાળવવાની રહેશે. મેનેજમેન્ટ કવૉટાની સીટ માટે કેન્દ્રીય પ્રવેશનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ જ ઓનલાઇન ફોર્મ ભરેલ હોય તેવા જ વિદ્યાર્થીને કોલેજ/ઈન્સ્ટીટયૂટે પ્રવેશ ફાળવવાનો રહેશે.

કોલેજ દ્વારા મેનેજમેન્ટ કવૉટા હેઠળ વિદ્યાર્થીઓને આપેલ પ્રવેશની યાદી યુનિવર્સિટીમાંથી પ્રમાણિત કરાવવાની રહેશે, ત્યારબાદ જ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.''

૬. યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલ સત્ર ફીમાં કોલેજ તેમાં સબસીડી સહિતની ફી યુનિવર્સિટીના કેન્દ્રીય પ્રવેશ માટેના પ્રોસ્પેકટસમાં દર્શાવવા બાબત..

''ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા મંજૂર થયેલ ફી કોલેજ/ઈન્સ્ટીટયૂટે લેવાની હોય છે છતાં કોલેજ દ્વારા સબસીડી અંગે કોલેજ/ઈન્સ્ટીટયૂટ પાસેથી સદર માહિતી પત્ર દ્વારા મેળવી આગળની પ્રક્રિયા હાથ ધરવી.''

૭. એપ્લીકેશન ફોર્મ નીચે દર્શાવેલ વિગતો સહિત મંજુર કરવા બાબત..

- વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી જમા કરવી.
- વિદ્યાર્થીએ આધાર નંબરની વિગત ફોર્મમાં આપવી મરજીયાત છે.
- વિદ્યાર્થીને એપ્લીકેશન ફોર્મ ભરવા માટે રજીસ્ટ્રેશન કરવા હેતુ પાસવર્ડ તેના મોબાઇલ પર તથા ઈમેલમાં આપવો.
- વિદ્યાર્થી દ્વારા પોતાના વિષયની પસંદગી મુજબ વિભાગ કે કોલેજના ત્રણ કોલેજના નામ ફોર્મમાં દર્શાવવાના રહેશે.
- વિદ્યાર્થીએ એપ્લીકેશન ફોર્મની પ્રિન્ટ સાથે જરૂરી દસ્તાવેજો સેલ્ફ એસ્ટેટેડ કરીને યુનિવર્સિટીમાં ફરજીયાત જમા કરાવવાના રહેશે.

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે,

૧. આધાર કાર્ડની માહિતી મરજીયાત રહેશે.

૨. ઓનલાઇન ફોર્મ ભરવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે દરેક કોલેજ/ઈન્સ્ટીટયૂટના કલાર્કને ઓનલાઇન ફોર્મ ભરવાની પક્રિયાથી માહિતગાર કરવા એક વર્કશોપનું આયોજન કરવું.

૩. વિદ્યાર્થીની સવલત માટે ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ સાથે જરૂરી દસ્તાવેજો સામેલ કરી યુનિવર્સિટીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલવાના રહેશે.

૪. યુનિવર્સિટીમાં ફોર્મ જમા કરાવનાર વિદ્યાર્થીને ફોર્મ જમા કરાવ્યા અંગેની પહોંચ મળશે.''

૮. વિવિધ સમિતિઓની રચના કરવા તથા તેમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફાળવવા બાબત.

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે,

- કેન્દ્રીય પ્રવેશ સમિતિને કાર્યાલય ફાળવવું તથા તેમાં જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત જરૂરીયાત મુજબના કર્મચારીઓ ફાળવવા.

  કેન્દ્રીય પ્રવેશ સમિતિનું કાર્યાલય IQAC ઓફિસ ખાતે રહેશે. તેમાં ત્રણ માસ માટે ઓ.એસ.ડી.ની નિમણુંક કરવી, એક કોમ્પ્યુટર કલાર્ક તથા એક ડેઇલી વેજીસ કલાર્ક તથા ડેઇલી વેજ પ્યુન ત્રણ માસ માટે ફાળવવા.

- વિભાગ પ્રમાણે પ્રવેશ સમિતિની રચના, તેમાં જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવી તેમજ જરૂરીયાત મુજબના કર્મચારીઓ ફાળવવા.

  સદર બાબતે વિભાગના વડાશ્રીને સત્તા આપવી. તથા વિભાગીય પ્રવેશ સમિતિના સભ્યોના નામ મંગાવવા.

- વિદ્યાર્થી પાસેથી પ્રવેશ ફોર્મ સ્વીકારવા કાર્યાલય ફાળવવું, તથા જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત જરૂરીયાત મુજબના કર્મચારીઓ ફાળવવા.

  ફોર્મ સ્વીકારવા માટે યુનિવર્સિટી કાર્પોરેશન બેંકની બાજુમાં બિઝનેસ સ્ટડીઝ વિભાગનો (કલાસ રૂમ)ની ફાળવણી કરવી તથા બે કોમ્પ્યુટર કલાર્ક, ત્રણ કલાર્ક, ત્રણ ડેઇલી વેજીસ પ્યુનની ત્રણ માસ માટે નિમણુંક કરવી.

- વિદ્યાર્થી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી શકે તથા તેની નકલ મેળવવા હેલ્પ સેન્ટર નકકી કરવા, જેમાં જરૂરી માળખાગત સુવિધાઓ પૂરી પાડવા તેમજ જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફાળવવા.

૯. પ્રવેશ પ્રક્રિયા અંગેના નિયમો નકકી કરવા બાબત.

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે પ્રવેશ પ્રક્રિયા અંગેના નિમયો યુનિવર્સિટી પ્રોસ્પેકટસમાં દર્શાવવા તથા વિવિધ વિભાગીય સમિતિઓને મોકલી આપવા.''

૧૦. કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન સરકારશ્રી દ્વારા સુચવેલા અનામત નીતિનો અમલ કરવા, વિવિધ સમિતિઓમાં એસ.સી./એસ.ટી. પ્રતિનિધિ મુકવા, અનામત કેટેગરીના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન તથા પ્રવેશ પ્રક્રિયા બાદ અનામત કેટેગરીની ખાલી પડેલ જગ્યાઓ બાબત.

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતે ગુજરાત સરકારશ્રીની અનામત નીતિનો અમલ કરવો તથા યુનિવર્સિટી એસ.સી./એસ.ટી. સેલના વડાશ્રી પાસે સદર બાબતે જરૂરી માર્ગદર્શન મેળવવુ.''

૧૧. કેન્દ્રીય પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડ બાદ વિવિધ વિભાગો/કોલેજો/ઇન્સ્ટીટયુટમાં ખાલી રહેલ સીટો ભરવાની પોલીસી નકકી કરવા બાબત..

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલ સીટો માટે કેન્દ્રીય પ્રવેશ સમિતિ જરૂરી માહિતી એકત્રિત કરી જરૂરી નિર્ણય લેશે.''

૧૨. પ્રવેશ પ્રક્રિયા બાદ પ્રવેશ ફાઇનલ કરવા વિદ્યાર્થી દ્વારા ફી ભરવાની વ્યવસ્થા નકકી કરવા તથા ફી રીફંડ કરવા નિયમોમાં સ્પષ્ટતા કરવા બાબત

''ચર્ચા વિચારણાને આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા કોલેજોના પ્રતિનિધી ફી જમા લેવા જે તે સ્થળે હાજર રહેશે. તથા યુ.જી.સી.ના તારીખ : ૦૬/૧૨/૨૦૧૬ના પત્ર ક્રમાંક : અનુસાર ફી રીફંડ અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.''

૧૩. કેન્દ્રીય પ્રવેશ ૨૦૧૭-૧૮ માટે યુનિવર્સિટી પ્રોસ્પેકટસને અંતિમ સ્વરૂપ આપવા સમિતિ નીમવા બાબત..

''ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, સદર કામગીરી માટે સમિતિએ ચાર સભ્યોઓની એક પેટા સમિતિ બનાવી તેમાં ૧) ડૉ. જે.ડી. પટેલ ૨) ડૉ. ડી. બી. ચોકસી ૩) ડૉ. જયોતીબેન તિવારી તથા ૪) ડૉ. અનુ મહેતાની નિમણુંક કરવામાં આવેલ છે.''

૧૪. કેન્દ્રીય પ્રવેશ સમિતિનું બજેટ બનાવવા તથા મહેનતાણાના દરો નકકી કરવા બાબત..

૧) કેન્દ્રીય પ્રવેશ સમિતિના સભ્યો માટે મહેનતાણુ

૨) વિભાગીય પ્રવેશ સમિતિના સભ્યો તથા અન્ય મદદનીશ સભ્યો માટે મહેનતાણુ

૩) સહાયક સેવાઓ જેવી કે કેન્દ્રીય પ્રવેશ સમિતિના કાર્યાલયના કર્મચારીઓ, હેલ્પ સેન્ટરના કર્મચારીઓ, ફોર્મ રીસીવીંગ કર્મચારીઓ, એકેડેમિક વિભાગ, કોમ્પ્યુટર સેન્ટર તથા હિસાબ વિભાગના કર્મચારીઓ માટે મહેનતાણુ નકકી કરવા બાબત.

''ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, કેન્દ્રીય પ્રવેશ સમિતિમાં સંકળાયેલ તમામ સભ્યો દ્વારા સદર કામગીરી માનદ સેવા તરીકે કરવાની રહેશે જે માટે કોઇ માનધન ચુકવવાનું રહેશે નહી.''

કેન્દ્રીય પ્રવેશ સમિતિની બીજી સભા તારીખ : ૧૫/૦૫/૨૦૧૭ના રોજ ૩.૦૦ કલાકે (રૂમ નં. ૩૦૭) IQAC કાર્યાલય ખાતે મળશે. જેમાં દરેક સભ્યશ્રીઓને હાજર રહેવા જાણ કરવી.

નંબર : ડી/ઈ/૧૦/૧૧૩૪
વલ્લભ વિદ્યાનગર — કુલસચિવ
તારીખ : ૧૨/૦૫/૨૦૧૭

પ્રતિ,
૧) સમિતિના દરેક સભ્યશ્રીઓ તરફ
૨) સર્વે પ્રમુખશ્રી/મંત્રીશ્રી, યુનિવર્સિટી સંલગ્ન વિવિધ સત્તા મંડળ તરફ

**(બીડાણ – ૧)**

માનનીય કુલપતિશ્રી ની અધ્યક્ષતા માં વિભાગના વડાશ્રીઓ તથા સલગ્ન કોલેજોમના આચર્યશ્રીઓ સાથે ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયાની ચર્ચા હેતુ તારીખ ૦૫/૦૫/૨૦૧૭ ને ૧૦:૩૦ કલાકે તથા ૦૬/૦૫/૨૦૧૭ ને ૧૦:૦૦ કલાકે યુનિવર્સીટી કાર્યાલય ના ઓલ્ડ સેનેટ હોલ ખાતે રાખેલ સભાએ કરેલ ભલામણો ....

૧. યુનિવર્સીટી દ્વારા તમામ અનુસ્નાતક અભ્યાશ્ક્રમો માટે ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયાનો અમલ કરવાનો નીર્ણય લેવામાં આવ્યો છે.

૨. યુનિવર્સીટી દ્વારા ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયામાં નિર્ણયો લેવા માટે કેન્દ્રીય પ્રવેશ સમિતિની રચના કરવામાં આવી છે.

૩. કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયાના જરૂરી નિયમો, મેનેજમેન્ટ કોટા, રેમ્યુંનરેસન, પ્રોસ્પેક્ટ્સ, રીસફ્લીંગ ની તારીખો, વિગેરે બાબતો નક્કી કરવામાં આવશે.

૪. યુનિવર્સીટી દ્વારા તમામ અનુસ્નાતક અભ્યાશ્ક્રમો માટે ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયા યુનિવર્સીટીના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવશે.

૫. યુનિવર્સીટી વિભાગો માં ન ચાલતા હોય તથા સંલગ્ન કોલેજો દ્વારા ચલાવવામાં આવતા હોય તેવા તમામ અભ્યાસક્રમોમાં પણ યુનિવર્સીટી ના વિભાગો દ્વારા પ્રવેશ પ્રક્રિયા કરવાની રહશે. સબન્ધકર્તા આચાર્યશ્રીઓ ને એડમીશન કમિટી માં સમાવેશ કરવાનો રહેશે.

૬. કેન્દ્રીય પ્રવેશ સમિતિ કાઉન્સેલિંગનો જે સમયગાળો નક્કી કરે તે સમયગાળા દરમ્યાન વિભાગોએ તેમના કાઉન્સેલિંગની તારીખો જણાવવાની રહેશે.

૭. વિભાગવાઈસ પ્રવેશ સમિતિની રચના કરવામાં આવશે જેમાં વિભાગના વડાશ્રી પ્રવેશ સમિતિના કન્વેનર તરીકે રહશે. સદર સમિતિમાં SC/ST કેટેગરીના પ્રતિનિધિને સમાવવાના રહેશે.

૮. યુનિવર્સીટીમાં વિદ્યાર્થીઓના પ્રવેશ ફોર્મ (કોર્પોરેશન બેંકની બાજુમાં સરદાર પટેલ યુનિવર્સીટી) માં સ્વીકારવામાં આવશે.

૯. કેન્દ્રીય પ્રવેશ સમિતિ ના સભ્યો, વિભાગીય પ્રવેશ સમિતિના સભ્યો, એડમીશન સેલના સભ્યો, હેલ્પ સેન્ટરના સભ્યો, એકેડેમિક વિભાગ, કોમ્પ્યુટર સેન્ટર તથા હિસાબ વિભાગ ને યુનિવર્સીટી દ્વારા મંજુર થયા મુજબ નું રેમ્યુંનરેસન ચુકવવામાં આવશે.

૧૦. યુનિવર્સીટી દ્વારા નીચે દર્શાવેલ જગ્યાઓ પર વિદ્યાર્થીઓ વિના મુલ્યે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકે તથા તેની પ્રિન્ટ લઇ શકે તે માટે હેલ્પ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવશે.

- ભાઈકાકા લાઈબ્રેરી, સરદાર પટેલ યુનિવર્સીટી
- અનુસ્નાતક બીશનેશ સ્ટડીઝ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી
- અનુસ્નાતક આક્ડાશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી
- અનુસ્નાતક હુમેનીટીશ ભવન, સરદાર પટેલ યુનિવર્સીટી

૧૧. કાઉન્સેલિંગ સમયે વિભાગીય પ્રવેશ સમિતિ દ્વારા વિદ્યાર્થીને ફાળવેલ પ્રવેશ બાદ દરેક કોલેજ દ્વારા પાશેથી ફી જમા લેવા માટે પોતાની કોલેજના બે પ્રતિનિધીઓને હાજર રાખવાના રહશે. કોલેજ દ્વારા ફી જમાં લઈને તેની રીસીપ્ટ વિદ્યાર્થીને આપવાની રહશે.

૧૨. વિભાગ/કોલેજ દ્વારા તેમને ફાળવાયેલ વિદ્યાર્થીઓનું SPU Portal ઉપર રજીસ્ટ્રેશ કરવાનું રહશે. વિભાગ/કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશ કરાવતાની સાથેજ સિસ્ટમ દ્વારા વિદ્યાર્થીને PEC Number કરી દેવામાં આવશે. વિભાગ/કોલેજ દ્વારા Registration Fees ની સાથેજ PEC Fees જમા કરાવવાની રહશે.

૧૩. ઓનલાઈન સેન્ટ્રલાઈઝ એડમીશન પ્રક્રિયા નીચે મુજબની રહશે:

૧. વિદ્યાર્થીએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહશે. વિદ્યાર્થી દ્વારા પોતાની પસંદગી મુજબ ની ત્રણ કોલેજ ફોર્મમાં દર્શાવવાની રહશે. વિદ્યાર્થી દ્વારા પ્રવેશ ફોર્મ ની ફી ઓનલાઈન જમા કરવાની રહેશે. ફી ભરાઈ ગયા બાદ વિદ્યાર્થીએ ફોર્મ ની પ્રિન્ટ લઈને યુનિવર્સીટીના એડમીશન સેલ ને જરૂરી દસ્તાવેજો સહીત રૂબરૂમાં અથવા પોસ્ટ થી જમા કરાવવાનું રહેશે. વિદ્યાર્થી ને યુનિવર્સીટી દ્વારા ઓરીજીનલ માર્કશીટ ઈશ્યુ ન થઇ હોય તેવા કિસ્સામાં ઇનટરનેટ ઉપરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ સેલ્ફ એટેસ્ટેડ કરી જમા કરવાની રહશે. વિદ્યાર્થી જયારે કાઉન્સેલિંગમાં થાય ત્યારે પણ જો ઓરીજીનલ માર્કશીટ ઈશ્યુ ન થઇ હોય તેવા કિસ્સામાં ઇન્ટરનેટ ઉપરથી ડાઉનલોડ કરેલ માર્કશીટ

સબંધકર્તા યુનિવર્સીટી માંથી વેરીફાઈ કરાવી તેની કોપી જમા કરવાની રહશે. નહિ તો વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવામાં નહિ આવે.

૨. એડમીશન સેલ દ્વારા જમા થયેલ ફોર્મને દરરોજના વિભાગ વાઈસ તૈયાર કરી student checklist (જેમાં વિદ્યાર્થીનો મોબાઈલ નંબર પણ દર્શાવવાનો રહેશે) ની પ્રિન્ટ લઈને સંબંધ કર્તા વિભાગો ને ચકાશણી અર્થે મોકલી આપવામાં આવશે.

3. વિભાગ દ્વારા ફોર્મની ચકાસણી કરી જરૂરી સુધારા સહીત ફક્ત check list કોમ્પ્યુટર સેન્ટરમાં મોકલી આપવાનું રહશે. જેમાં કોમ્યુટર સેન્ટર વિભાગ દ્વારા શુચવેલ સુધારાઓ કરીને વિભાગના વડાશ્રીની સહી માટે મોક્લી આપશે.

૪. ત્યારબાદ કોમ્પ્યુટર સેન્ટર, વિભાગ દ્વારા સૂચવેલ જરૂરી સુધારા કરી વિદ્યાર્થીને મેરીટમાં સામેલ કરશે.

૫. કેન્દ્રીય પ્રવેશ સમિતિ તથા વિભાગ દ્વારા નક્કી કરેલ કાઉન્સેલિંગના દિવશે વિદ્યાર્થીએ ઉપસ્થિત રહી મેરીટ ના આધારે પોતાની વિભાગ/કોલેજ માં પ્રવેશ બાબતે ચોઈસ જણાવવાની રહેશે. તથા મેરીટ ના આધરે સમિતિ વિદ્યાર્થીને તેની ચોઈસ મુજબ મેરીટના આધારે વિભાગ/કોલેજમાં પ્રવેશ ફાળવશે. ઓપન કેટેગરી ના વિદ્યાર્થીઓંનું પ્રથમ કાઉન્સેલિંગ પૂર્ણ કરવામાં આવશે, ત્યારબાદ અનામત કેટેગરીના વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરવામાં આવશે. SC/ST કેટેગરીના વિદ્યાર્થીઓની જગ્યા ખાલી રહે તો પ્રથમ તેઓની એકબીજાની કેટેગરીમાં સીટો ટ્રાન્સફર કરવાની રહશે.

૬. વિધાર્થીએ ત્યારબાદ વિભાગ/કોલેજ ની નિર્ધારિત કરેલ ફી સંબંધ કરતા વિભાગ તથા કોલેજ દ્વારા ફી સ્વીકારવાની જે વ્યવસ્થા કરી હોય તે મુજબ ફી જમા કરાવવાની રહેશે.

૭. વિદ્યાર્થીને પ્રવેશ સમિતિ દ્વારા મેરીટના આધારે તેની પસંદગી મુજબ ની વિભાગ/કોલેજમાં પ્રવેશ ફાળવી દીધા બાદ વિભાગ/કોલેજ બદલવામાં આવશે નહિ.

૮. કેન્દ્રીય પ્રવેશ સમિતિ ખાલી રહેલ બેઠકો માટે બીજા તથા જરૂર જણાય તો ત્રીજા પ્રવેશ રાઉન્ડ ની જાહેરાત કરશે.